ગૂજરાતી

પ્રારંભ પોથી.

(સરસ ચિત્રો સહિત)

THE GUJARATI PRIMER

ત્રણથી છ વર્ષનાં બાળકને
સુગમતાથી શિખવવા
માટે

ઠકર પુરૂષોત્તમ નારાયણજીએ

નવી રીતે રચીને તૈયાર કરી.

મુંબઇ.
કોર્ટ પ્રિંટિંગ પ્રેસ.

સંવત્ ૧૯૪૫; સને ૧૮૮૯.
કિમ્મત રૂ.૦/૦૧

ગૂજરાતી

પ્રારંભ પોથી.

(સરસ ચિત્રો સહિત)

THE GUJARATI PRIMER

ત્રણથી છ વર્ષનાં બાળકને
સુગમતાથી શિખવવા
માટે

ઠકર પુરૂષોત્તમ નારાયણજીએ

નવી રીતે રચીને તૈયાર કરી.

મુંબઈ.
ફ્રોર્ટ પ્રિંટિંગ પ્રેસ.

સંવત્ ૧૯૪૫; સને ૧૮૮૯.
કિમ્મત રૂ. ૦।

પ્રસ્તાવના.

આ "પ્રારંભપોથી" રચવાનો મારો ખરો હેતુ તથા તે શિખવવાની રીતિ મારા "બાળશિક્ષણ વિધિ" નામના પુસ્તકમાં વિસ્તારથી સૂચવેલ છે, અને તે પુસ્તકની પૂરવણી દાખલજ એટલે તેમાં સૂચવ્યાપ્રમાણે માતાએ ઘરમાં ત્રણથી છ વર્ષના બાળકને થોડું ઘણું અક્ષરજ્ઞાન સુગમતાથી કેમ આપવું, તેને માટે આ ન્હાની ચોપડી રચીને તૈયાર કરવાની જરૂર જણાઈ છે; તોપણ આ ચોપડીનો જે માબાપો કે શિક્ષકો છૂટો ઉપયોગ કરવા ઈચ્છતા હોય, તેમણે એનો ઉપયોગ કેમ કરવો તે જણાવવાની જરૂર છે. તેમજ જે છોકરાંઓને ગૃહશિક્ષણ નથી મળ્યું, અને પાંચ છ વર્ષના કે તેથી મ્હોટી ઉમરનાં થઇ નિશાળમાંજ પ્રારંભ કરનાર હોય, તેમને સુગમતાથી અને ટૂંકી મુદતમાં વાંચતાં શિખવી શકાય એવી રીતની રચના આ ચોપડીની કરેલ છે; માટે તે ગુજરાતી નિશાળોને સારૂ પણ ઉપયોગી થશે એમ ધારી શકાય છે.

બાળકને ત્રણ વર્ષની વયે, ઘરમાં અને પોતાની આસપાસ જે જે વસ્તુઓ ને પ્રાણીઓ તે જુએ છે, તેનું કંઇ કંઈ જ્ઞાન થવા માંડે છે. અને તેજ જો ચિત્રમાં બતાવ્યાં હોય તો ઓળખી કહાડે છે. તેમજ ચિત્રમાં પ્રથમ જોયલી ચીજ જ્યારે

ખરેખરી તે જુએ છે, ત્યારે પણ ઓળખીને બતાવી આપે છે, કે આ ફલાંણી ચીજ છે; માટે બાળકની એવી શક્તિ ખિલવવાસારૂ પ્રથમ આ ચોપડીમાં આપેલાં ચિત્રો ઓળખાવવાં અને તેનો ખરી વસ્તુઓ સાથે મુકાબલો કરાવવો તેમજ તેમના જૂદા જૂદા રંગ અને આકાર બતાવવા, ઘરમાંની જણસો અને ગ્રામ્ય પશુપક્ષિઓનાં ચિત્રો આગલા ભાગમાં ઘણું કરીને મૂકેલ છે, તથા અજાણ્યા કે કવચિત જોવામાં આવતાં પ્રાણીઓ અને પદાર્થોનાં ચિત્રો પાછલા ભાગમાં આપેલ છે; તોપણ કોઇ ગામમાં કે શેહેરમાં અમુક અને કોઈમાં બીજાંજ હશે; માટે જે ઠેકાણે જે સાધારણ હોય તે બતાવીને તેનો મુકાબલો પ્રથમ કરાવવો અને પછીથી બીજાં ચિત્ર બતાવીને નામ શિખવી મૂકવાં, અને પ્રસંગોપાત્ત તક મળેથી જ્યારે તેમાંહેલાં ખરાં જોવામાં આવે ત્યારે ચોંપ રાખીને બાળકને તે જરૂર બતાવવાં કે, "આ જો" એમ કહીને પોતે કહ્યા પહેલાંજ તેની પાસેથી તેનું નામ દેવડાવવું—જેમકે, મુંબઇમાં હાથી કે ઊંટ કવચિતજ જોવામાં આવશે, પણ ગૂજરાત (વડોદરૂં, અમદાવાદ ઇત્યાદિ) કે ઘાટ તરફ ગયાથી ત્યાં વારંવાર એ પ્રાણીઓ જોવામાં આવશે, માટે તેવે ઠેકાણે જવાનો પ્રસંગ બને ને છોકરાં ભેગાં હોય તો જરૂર કરીને તેમને તે દેખાડીને ઓળખાવવાં. અથવા કોઈ સંગ્રહસ્થાનમાં જવાનું બને ત્યારે પણ ખાસ કરીને બાળકને તેણે ચિત્રમાં જોયલી વસ્તુઓ ને પ્રાણીઓ આંગળીથી બતાવીને પૂછવું કે, "આ શું છે?" બાળક જોતાંજ વાર કહેશે કે, એ "શાહુડી, શાહામુરઘ, વાઘ, સિંહ, વિગેરે છે."

આ ચોપડીમાં ચિત્રો આપવાનું બીજું એક કારણ એ છે કે, બાળકનું મન રમતની અને નવી નવી તથા મનોરંજક વસ્તુઓ તરફ તુરત ખેંચાય છે, તેથી આવાં ચિત્રો ચોપડીમાં જોઈ તે ખુશીથી તેનું ગ્રહણ કરશે, અને આ ચોપડીને તે પોતાનું એક પ્રિય રમકડું સમજી હમેશાં પોતાની પાસે રાખવાની ઈચ્છા કરશે; તો તેથી માબાપને કે શિખવનારને પણ તેને "ચોપડી લઈને શીખ" એમ કહેવાની જરૂર ન પડતાં ગમત રમતની સાથે શિખવવાની સહજ તક મળશે.

વિલાયતમાં છોકરાંઓને ગમત સાથે જ્ઞાન આપવાને માટે હજારો તરાંહની રંગીન અને સાદી ચિત્રપોથીઓ મળે છે. આપણા દેશમાં પણ એવી રીત દાખલ થવાની જરૂર છે; અને તેને માટે આ એક સાધન થઈ પડશે એવી આશા રખાય છે. આ ચોપડીમાં પણ રંગીન ચિત્ર મૂકવાની મને રૂચિ થઈ, પણ લોકોને તે પરવડશે કે નહિં, એ ધાસ્તીથી તે વિચાર હાલ મુલતવી રાખ્યો છે. આગળ જતાં ઘણી તરફથી સૂચના થશે તો તે વિષે વિચાર કરવામાં આવશે. તોપણ હાલ તુરત આટલુંજ પુસ્તક ઉપયોગી માલમ પડશે, તો જે કાળ, શ્રમ, અને પૈસાનો ખરચ એનાપર જોઈએ તે કરતાં વધારે થયો છે તે સાર્થક થયો ગણાશે.

બાળકને ચિત્રોમાંની અને ખરી વસ્તુઓનો મુકાબલો કરતાં આવડ્યો, એટલે સમજવું કે મ્હોટા અક્ષર પણ ઓળખવાની શક્તિ એનામાં આવી છે. તે વખતે ક, ખ, શિખવવાની અરસિક અને કંટાળા ભરેલી પદ્ધતિ છોડી, બાળકને પ્રિય અને રસયુક્ત, અર્થવાળા, અને સાધારણ રીતે તેના બોલવામાં આવતા એવા એકાક્ષરી શબ્દો પ્રથમ ઓળખતાં શિખવવાનો પ્રારંભ કરવો.

પ્રથમ ખંડમાં મ્હોટા અક્ષરે એકાક્ષરી શબ્દો અને તેના ટૂંકાં વાક્યો આપેલ છે. દરરોજ એક અક્ષર નવો વાંચતાં શિખવવો અને પાછલો પણ વંચાવતાં જવું. એ પ્રમાણે દશ કે પંદર દિવસમાં પ્રથમ આવેલ બાર શબ્દ વાંચતાં આવડ્યા, એટલે તેનાં ટૂંકાં વાક્યો વાંચતાં શિખવવાં. એમાં બારે શબ્દોની પુનરાવૃત્તિ કેટલીએક વાર થાય છે, તેથી અને બાળકને સમજાય એવા અર્થ તેમાંથી નિકળે છે તેથી રમૂજ સાથે તેના સ્મરણમાં તે પક્કી રીતે રમી રહેશે. વળી એ પ્રથમ ખંડમાં એકાક્ષરી શબ્દોના પાડો કોઠાના આકારમાં એવી રીતે રચી મૂકેલ છે, કે તેમાંના દરેક વાક્યોમાંનો દરેક શબ્દ જૂદો પણ દેખાય, અને આખું વાક્ય એક છે એમ પણ જણાય. આથી બાળકને દરેક શબ્દ (કે અક્ષર) ને પ્રથમ છૂટો શીખવામાં આવેલ તે ઓળખતાં સુલભ પડશે અને તેની સાથે જે એકજ શબ્દ ફરી ફરીને આવે છે તે પક્કો મનમાં ઠસશે. તેમજ વાક્યમાં તેનો અર્થ બાળકના ધ્યાનમાં આવતાંજ તેને સાનંદાશ્ચર્ય ઉત્પન્ન થશે; એટલે આગળ શું છે એવી જીજ્ઞાસા ઉત્પન્ન થતાંજ તે બીજું વાક્ય વાંચવાની મરજી દેખાડશે. એ પ્રમાણે એકાક્ષરી શબ્દો અને તેના વાક્યોનો પ્રથમ ખંડ તે ત્રણથી ચાર મહિનામાં સહજ પૂરો કરશે; તોપણ બીજા બે માસસૂધી તેનું ચરવણ એટલાં (૩ા વર્ષનાં) ન્હાનાં બાળકને કરાવવાની જરૂર છે. (પરંતુ છ વર્ષ ઉપરાંતનું બાળક તો એટલું બે માસમાં પૂરૂં કરી શકશે.)

ત્યાર પછી બીજા ખંડમાં દ્વ્યક્ષરી (બે અક્ષરના શબ્દો) આપેલ છે. તેમાં પ્રથમ એકજ અક્ષર બે વાર આવે એવા

શબ્દો આપેલ છે; અને તેમાં સગાંના તથા સાધારણ જણસોનાં નામ છે. એ પહેલાં તો જાણે આખો શબ્દ (બન્ને અક્ષર) એકજ વસ્તુ હોય તેમ ઓળખતાં બાળકને શિખવવા. જૂદા જૂદા વંચાવવાનો પ્રયત્ન કરવો નહિં. બાળક ચાર વર્ષનું થવા આવતાં અને પ્રથમ ખંડ શીખ્યા પછી તેની શક્તિ કંઈક વધી હશે, માટે હવે રોજ બે ત્રણ શબ્દો તે સહજ શીખી શકશે; તોપણ શિખવવામાં કદી પણ ઉતાવળ કરવી નહિં. એક પાઠના શબ્દો સારી પેઠે ઓળખતાં અને ચપાચપ વાંચતાં આવડે ત્યારેજ વાકયો વંચાવવાનો પ્રયત્ન કરવો. એ વાકયો પણ પ્રથમ ઘણાંજ ટુંકા આપેલ છે; એટલે બાળક વાંચતાં મૂંઝાશે કે કંટાળશે નહિં. એ પ્રમાણે પહેલો પાઠ પૂરો કર્યા પછી અને બીજો પાઠ શરૂ કર્યા અગાઉ પહેલા પાઠની પુનરાવૃત્તિ કરાવવી. આ વખતે બએ અક્ષરના શબ્દો જે કોષ્ટકના આકારમાં એવી રીતે ગોઠવીને મૂક્યા છે, કે તેનો દરેક અક્ષર જાદો તેમજ બે અક્ષર સાથે દેખાય, તે દરેક શબ્દમાં બન્ને અક્ષર જૂદા જૂદા બોલી બતાવવા. દરેક પાઠમાં ઘણા ખરા શબ્દો એવી રીતે આણી મૂકેલા છે, કે તેમાં એક પછી એક બે, ચાર, છ શબ્દોમાં એક અક્ષર જૂદો અને એક તેનો તેજ આવ્યા કરે; આથી શબ્દ વાંચતાં અને તેનો ઉચ્ચાર કરતાં તેમાં વારંવાર આવતા અક્ષરનો આકાર બાળકની નજરે પડતાં તથા તેનો ઉચ્ચાર વારંવાર તેના કાનપર પડવાથી અને તેના મ્હોડાવાટે નિકળવાથી, અમુક અમુક અક્ષરનું જ્ઞાન (જોકે ક્રમમાં નહિં તોપણ) એની મેળેજ થતું આવશે. પહેલા પાઠની એ પ્રમાણે બીજી આવૃત્તિ થયા પછી આગળ ચાલવું. બીજા પાઠમાં પણ પ્રથમ આખા શબ્દો વાંચતાં શિખવી જવા, પછી

તેજ વાક્યોમાં વંચાવવા, ને ત્યાર પછી તેજ શબ્દોની પુનરાવૃત્તિ કરતાં તેના જાદા જૂદા અક્ષરોપર બાળકનું લક્ષ લગાડવું. એ પ્રમાણે આખા પાઠના શબ્દો વંચાવી જવા, પછી પાછાં વાક્યો વંચાવવાં. એમ સર્વે પાઠો શિખવવા.

ઘણું કરીને સર્વે પાઠોમાં જે શબ્દો આપ્યા છે તે એવી ગોઠવણથી મૂકયા છે (જેમ કવિતામાં ઝમક ને અનુપ્રાસ આવે છે તેમ), કે તેથી બાળકને તે એક પછી એક વાંચતાં ને બોલતાં રમૂજ પડે, અને તેને તુરત યાદ રહી જાય. આ શબ્દો પણ બાળકથી સહજ સમજાય એવા અને રોજ તેના સાંભળવામાં ને બોલવામાં આવતા હોય તેવા છે (કદાચ કોઇ ન સમજાય તો સમજાવવો.) એમાં નામો, સર્વનામો, થોડાં વિશેષણો, સાદાં ક્રિયાપદના રૂપો, અને જૂજ અવ્યયો, જે બે અક્ષરમાં સમાતા હોય એવા અને સહેલા અર્થવાળા વીણી વીણીને એવી રીતે મૂક્યા છે કે તેનાં ટૂંકાં વાક્યો રચી શકાય. ઘરમાંની સાધારણ વસ્તુઓનાં નામ જે બે અક્ષરનાં હોય તે, તથા એક, બે, ત્રણ ઈત્યાદિ અંક એ પણ છેવંટ મૂક્યા છે, અને તેનો ટૂંકાં વાક્યોમાં ઉપયોગ કર્યો છે.

આ બધું બાળક પાંચથી સાડા પાંચ વર્ષનું થાય તેટલી વયમાં સહજ શીખીને સમજી શકે એવી રીતે ગોઠવીને મૂક્યું છે. પ્રથમ ખંડના એકાક્ષરી શબ્દોનો પણ ઉપયોગ બીજા ખંડનાં વાક્યોમાં કર્યો છે, એટલે તેની પણ ઉજળણી થયા કરશે.

ફરીથી કેહેવાની જરૂર નથી કે એ વયમાં બાળકને શિખવવામાં કદી પણ ઉતાવળ કરવી નહિં, અને બાળકને કંટાળો આવે ત્યાંસુધી શિખવ્યા કરવું નહિં. તે કંટાળે કે તુરત

છોડી દેવું. ને તેને બીજી સારી રમત રમવા દેવી. બે ત્રણ નહિં તો એકજ શબ્દ રોજ શિખવવાનો બને તોપણ એ બીજાખંડ માંહેલા આસરે ૩૫૦ શબ્દો તે એક વર્ષમાં શીખીને પૂરા કરશે. વાક્યો વાંચતાં શિખવવામાં તો ઉલટી તેને રંમૂજ પડશે એટલે તે તો વચમાંજ શિખવી દેવાશે.

એ પ્રમાણે એક વર્ષમાં એટલે ચારથી પાંચ વર્ષનું બાળક થશે ત્યાંસૂધીમાં બીજો ખંડ શિખવીને પૂરો કરી શકાશે; તોપણ બીજા ૭ માસ સૂધી બન્નેખંડની ઉજળણી અથવા પુનરાવૃત્તિ બાળકને બે ત્રણ વાર ફરી ફરીને કરાવવી (પરંતુ ૭ વર્ષ ઉપરાંતનું બાળક આ બીજો ખંડ ચારથી ૭ માસમાં શીખીને પૂરો કરી શકશે.)

બાળક સાડાપાંચ વર્ષનું થયા પછી અને આ ચોપડીના બે ખંડ શીખી ગયા પછીજ તેને મૂળાક્ષર શિખવવાનો પ્રયત્ન કરવો. મૂળાક્ષર માંહેલા ઘણું કરીને સર્વે અક્ષરો પાછળ શીખેલા શબ્દોમાં તેના વાંચવામાં આવેલ છતાં હવે તેને છૂટા અને મૂળાક્ષરના ક્રમમાં શિખવવાની જરૂર છે; તેમ હવે તે સહેલથી શીખી શકશે, અને કંટાળશે પણ નહિં; કારણ, કે "શીખવું" એ પણ તેની રોજની આદતથી તેનું એક સાધારણ નિત્યકૃત્ય હોય એમ તેને લાગશે, તેથી શીખવા તરફ હવે તેની કંઈક રૂચિ જામેલી હશે; માટે આ વખતે બાળકને મૂળાક્ષર ક્રમમાં શિખવવામાં કંઇ હરકત નથી.

પ્રથમ ક, ખ, ગ, ઘ, ઙ, એમ દરેક વર્ગના પાંચ પાંચ અક્ષર સાથે બોલતાં શિખવવા; અને તે એકજ સ્થાનના હોવાથી પાંચે સાથે ચપાચપ તેના મ્હોડામાંથી પોતાની મેળે

નિકળવા માંડશે. એ પ્રમાણે આ ચોપડીના ત્રીજા ખંડમાં કોઠામાં આપેલાં વ્યંજનના દરેક વર્ગની દરેક ઓળ એકસાથે બોલતાં આવડયા પછી, અને તે બધી ઓળ એક પછી એક ક્રમમાં બોલી જાય. તેમ મ્હોડે શિખવ્યા પછી, એકએક અક્ષર વાંચતાં શિખવવો. એજ પ્રમાણે પ્રથમ વ્યંજન શિખવ્યા પછી સ્વર શિખવવા.

સજાતીય બબ્બે સ્વરનું જોડું સાથે બોલાવવું, જેમ કોઠામાં દરેક અક્ષર જૂદો તેમજ સાથે દેખાય છે તેમ— **અ, આ;** ઇ, ઈ; ઇત્યાદિ, એ પ્રમાણે. સર્વે સ્વર ક્રમમાં બોલતાં આવડ્યા પછી તે એક એક વાંચતાં શીખવવા. સ્વર અને વ્યંજનો વાંચતાં આવડ્યા પછી તેની ઊજળણી બે ત્રણ વાર કરાવવી, અને તે આડા અવળા ઓળખતાં આવડે તેમ વંચાવવા.

એ પ્રમાણે સ્વર અને વ્યંજન સારી પેઠે વાંચતાં આવડયા પછી ૧, ૨, ૩ ઇત્યાદિ અંક વાંચતાં શિખવવા. દશે અંકનાં નામ તો બાળક બીજા ખંડમાં શીખી ગયું હશે, એટલે ફક્ત તે ઓળખતાં શિખવવાનું બાકી રહેશે. ત્રીજા ખંડમાં મૂળાક્ષર પછી એ દશ અંકનો કોઠો આપેલ છે; તેમાં પહેલા ખાનામાં અંક, બીજા અથવા વચલા ખાનામાં તેની સામેના અંકની સંખ્યાદર્શક રેખાઓ, તથા ત્રીજા ખાનામાં તેની સામેના અંકનું નામ, એ પ્રમાણે આપેલ છે; આથી દરેક અંકનાં નામનો, તે અંકનો, અને તેની સંખ્યાનો ખ્યાલ એક સામટો બાળકના મનમાં બરાબર ઠસશે.

આના પછી વ્યંજનોની બારાખડી આપેલ છે. તે દરેક બારાખડી પ્રથમ બોલતાં ને પછી વાંચતાં શિખવવી. બોલતાં

જેમ ગામઠી મહેતાજીઓની નિશાળમાં શિખવે છે તેમ શિખવવી— ક્ ને કંઈ નહિં ક, ક્ ને કાનો કા, ક્ ને હ્રસ્વ ઇ કિ, ક્ ને દીર્ઘ ઈ કી, ક્ ને હ્રસ્વ ઉ કુ, ક્ ને દીર્ઘ ઊ કૂ, ક્ ને એક માત્ર કે, ક્ ને બે માત્ર કૈ, ક્ ને કાનો માત્ર કો, ક્ ને કાનો બે માત્ર કૌ, ક્ ને માથે મીંડું કં, ક્ ને વિસર્ગ કઃ એ પ્રમાણે સર્વે વ્યંજનનાં પદ બોલતાં શિખવ્યા પછી તેનાં ચિન્હોનો બોધ કરી, તે સમજાવીને પછી તેજ બારાખડી પાછી ક, કા, કિ, કી; ઇત્યાદિ રીતે ઉચ્ચાર કરીને વાંચતાં શિખવવી. સ્વર ચિન્હોનો બોધ જૂદો થાય માટે તે નામ સહિત જૂદા એક કોઠામાં આપ્યાં છે. એવી રીતે સર્વે વ્યંજનની બારાખડી શિખવવી. એમ નહિં કે બે ત્રણ અક્ષરની આવડી એટલે બાકીના વ્યંજનની પણ સમજાવી દીધાથી આવડશે; તેમ કરવુંજ નહિં. એ પ્રમાણે બારાખડી શીખ્યા પછી બાળકને તેની પણ બે ત્રણ વાર ઉજળણી કરાવવી, અને પછી પાછલા બે ખંડમાં શીખી ગયેલા શબ્દોમાં ને અક્ષર છૂટા છૂટા અને આખા શબ્દો સાથે વંચાવી જોવા. અને તેમાં તેને બારાખડીની રીતે વાંચતાં (જોડણી કરતાં) આવડે એટલે તેને એ બધાય શબ્દો અને વાકયો પાછાં એકવાર વંચાવી જવાં; અને તે પછી પરીક્ષાને માટે બહારના શબ્દોમાંના અક્ષરો પણ છૂટા છૂટા વંચાવી જોવા.

આટલું આવડયા પછી થોડાક સહેલા જોડાક્ષર આવે એવા બે અક્ષરના કેટલાક શબ્દો આપેલ છે તે વાચતાં શિખવવા. આ શબ્દો આખા વાંચતાં આવડયા પછી, ને માંહેલા જોડાક્ષર છૂટા સમજાવીને લખીને બતાવવા, અને તે છૂટા ઓળખા-


વવા. અને પાછા તે શબ્દોમાં પણ ઓળખાવવા. અને ફરીથી એકવાર શબ્દો વંચાવી જવા. દરેક જોડાક્ષર છૂટો તેમજ શબ્દમાં સાથે દેખાય માટે તેના પણ શબ્દો તેવીજ રીતે કોઠામાં રચી મૂક્યા છે. આ શબ્દો આવડયા પછી એમાં આવેલા જોડાક્ષરો બીજા શબ્દોમાં આવતા હોય ત્યાં વંચાવી જોવા.

આટલું સારી રીતે વાંચતાં આવડે ત્યાંસૂધી પણ છેક ન્હાના (છ વર્ષની અંદરનાં) બાળકને લખતાં શિખવવાનો પ્રયત્ન કદી પણ કરવો નહિં. બાળક છ વર્ષનું થશે ત્યાંસૂધીમાં આટલું ઉપલી રીતે શિખવતાં તે સહજ વાંચતાં શીખી શકશે; પણ વચમાં તેને લખતાં શિખવવાની ખટપટમાં નાખવાથી તે કંટાળો ખાધા વગર રહેશે નહિં; માટે તે છ વર્ષનું થયા પછી આટલું સારી પેઠે વાંચતાં શીખ્યા પછીજ, મૂળાક્ષર, અંક અને બારાખડી એક પછી એક અનુક્રમે લખતાં શિખવવાનો પ્રયત્ન કરવો.

ન્હાનાં બાળકને વાંચતાં લખતાં સુગમતાથી કેમ શિખવાય તેની વિસ્તારથી સમજણ અને યુક્તિયો મેં "બાળશિક્ષણ વિધિ"માં બતાવી છે, માટે અત્રે આ ચોપડીના અર્થે જેટલુંજ જણાવ્યું છે.

જે ઉદાર સદ્‌ગૃહસ્થોએ "સ્ત્રી કેળવણીનો ખરો ઉપયોગ" એ પુસ્તક પ્રસિદ્ધ કરવામાં આશ્રય આપ્યો છે તેજ ગૃહસ્થોએ આ પુસ્તકમાં પણ આશ્રય આપેલ છે માટે તેમનો અત્યંત ઉપકાર માનું છું.

લિ૦ ઠા૦ પુરૂષોતમ નારાયણજી, કર્ત્તા.



અગડો.



કબુતર.


ટૈકો.


ઉંદર.


પક્ષીનાં બચ્ચાં.


કૂકડો.


કબુતરની જોડી.


ચકલી.


બતક.



મધપૂડો.


મધમાખી


પોપટ.


મોર.


શાહમુરઘ


કાબર.


ગરુડ


બગલું


બાજ.


રાજહંસ



ઘુવડ.


ખીસકોલી.


વાગલું.



ગોકળગાય



કાચબો.


ઉદક.


કરચલો.


છીપ.



માછલી.


ગરોડી.



પતંગીઉં.


કરોળીઓ.



વીંછી.




ગાય



ભેંસ.



ઘોડો



ગધેડું.



હરણ



બકરી



સાબર

ગૂજરાતી પ્રારંભ પોથી.

ખંડ ૧ લો.

એકાક્ષરી શબ્દો અને તેનાં વાક્યો.

મા	બા	ભા
જા	ખા	પા
ઘી	તું	ભૂ
આ	છે	જો

૧

મા	છે	મા	પા	મા	જા
બા	છે	બા	પા	બા	જા
ભા	છે	ભાં	પા	ભા	જા
ભૂ	છે	ભૂ	પા	તું	જા

૨

મા	પી	મા	ખા	ખા	તું
બા	પી	બા	ખા	જા	તું
ભા	પી	ભા	ખા	મા	તું
તું	પી	જા	ખા	પી	તું

ના	હા	કાં
ઘી	છી	૭
એ	તે	લે
હું	છું	શું

૩ ૫

પી	મા	ખા	મા	મા	જા
પી	બા	ખા	બા	બા	જો
પી	ભા	ખા	ભા	ભા	જો
પી	જા	ખાં	જા	આ	જો

૪

મા	લે	હા	ઊં	આ	ઘી
બા	લે	ના	ઊ	ખા	ઘી
ભા	લે	ખા	ઊ	એ	ઘી
આ	લે	લે	ઊ	તે	ઘી

૨

૫

ના	જા	હા	જા	કાં	મા
ના	ખા	હા	ખા	કાં	બા
ના	પા	હા	છે	કાં	ભા
ના	લે	હા	લે	કાં	૭

૬

તે	ખા	આં	છી	હું	છું
તે	પા	એ	છી	તું	છે
તે	જો	તે	છી	શું	છે
તે	લે	છે	છી	તે	છે

એ	કે	દે
બી	રૂ	જૂ
હેં	શીં	બો
રે	શોં	ભોં

૭

આ શું	આ બી	આ હે
એ શું	એ બી	એ હે
તે શું	તે બી	તે હે
છે શું	જે બી	છ હે

૮

આ કે	ખાં જે	આ જૂ
કાં કે	પી જે	તે જૂ
છો કે	જો જે	લે રૂ
જો કે	લે જે	હે રૂ

ના	રે	ના!	હે	આ	શું?
હા	રે	હા!	હે	શું	છે?
ખા	રે	ખા!	હે	છી	છે?
મા	રે	મા!	હે	ભોં	છે?

૧૦

આ	શી	બો!	આ	જૂ	છે.
એ	શો	ભો!	એ	જૂ	લે.
તે	શું	બી!	જે	રૂ	છે;
ખા	તું	બી.	તે	રૂ	દે.

બે	તો	દો
ને	રે	છો
પૈ	લૈ	લો
સૌ	લૌં	છૌં

૧૧

મા	ને	બા.	ખા	ને	પી.
ભા	ને	જી.	જા	ને	જો.
આ	ને	તે.	લે	ને	દે.

૧૨

આ	બે	છે.	જા	બે	ખા.
એ	બે	દે.	હા	બે	દે.
તે	બે	લે.	ના	બે	કાં?

૧૩

ખા	તો	ના.	ભૂ	તો	પી.
જા	તો	ના.	ઘી	તો	દે.

૧૪

હું	લૌં	છૌં.	હા	જી	લો.
શું	લૌં	મા?	બા	ઘી	લો.
ભૂ	લૌં	કે?	ના	બી	લો.

૧૫

જી	સૌ	છો?	સૌ	પૈ	લૌં?
હા	સૌ	છે:	બે	પૈ	લો.
છે	સૌ	કે?	બે	પૈ	કાં?

૧૬

શું	લૈ	લૌં?	બી	લૈ	લે.
ઘી	લૈ	લૌં?	આ	લૈ	જા.

ખંડ ૧ લો સમાપ્ત.



ઘેટું.



સસલો.



કૂતરો.



શાહુડી.



નોળીઉ.



સાપ



બગલું



બિલાડી.



વાંદરો.




શિયાળ.



વરૂ.



આખલો.



ઘોડો.




ઊંટ.




રીંછ.



ગેંડો.



વાઘ.



હાથી



સિંહ.




જિરાફ




મગર.



દીવી.



ઘરું.




[illegible]




કૂંચી.




કળસો.



મેજ.



ખુરશી.



કબાટ




પલંગ.




આરસો.



તાળું.



પેટી.


કાતર.
પંખો.
પાંજરૂં.
છરી.
ઝાડુ.
કોયતું.
દાંતરડું
કોદાળી.
છડી.
છત્રી.
સુડી.
ચશ્મા.
કાંસકી.
ખડિયો. કલમ.

ગૂજરાતી પ્રારંભ પોથી.

ખંડ ૨ જો.

બે અક્ષરના શબ્દો અને તેનાં વાકયો.

૧

કાકા	તાતા	ખાય
મામા	વાવા	ગાય
નાના	શીશી	જાય
દાદા	કાકી	થાય
બાપા	મામી	જોય
છછ	નાની	રોય
કીકી	દાદી	ખાઉં
ગીગી	ભાભી	ગાઉં
કીકો	માસી	જાઉં
ગીગો	ફુઇ	થાઉં

કાકા ખાય છે.

મામા ગાય છે.

નાના જાય છે.

એ દાદા થાય.

આ કાકી થાય.

ના મામી થાય.

માસી ગાય છે.

ફુઈ જાય છે.

ભાભી ખાય છે.

બાપા, હું જાઉં?

હું તાતા ખાઉં?

વાવા ગાઉં મા?

ગીગી, હું શું થાઉં?

જીજી જોય છે.

કીકી રોય છે.

છઉં	ખાઓ	કામ
દઉં	ગાઓ	ગામ
લઉં	જાઓ	નામ
જોઉં	થાઓ	આમ
રોઉં	જુઓ	આપ
અમે	રૂઓ	આવ
તમે	બેસે	લાવ
જમે	ઊઠે	આપે
રમે	કરે	આવે
		લાવે

જીજી, આ જોઉં ?

હું ના રોઉં.

નાની, આ લઉં ?

તાતા દઉં છઉં.

જીજી, શીશી આપ.

મા તાતા આપે.

આવ ને લાવ.

આવે તો લાવે.

માસી, ના રૂઓ.

લો આ જુઓ.

કીકો રમે છે.

ગીગો જમે છે.

કાકા, તમે ખાઓ.

કાકી, તમે ગાઓ.

બાપા, ના જાઓ.

તમે આમ થાઓ.

મામા ગામ જાય.

મામી કામ કરે.

તમે નામ દો.

દાદા બેસે છે.

નાના ઊઠે છે.

બેસું	બેઠી	જતો
ઊઠું	ઊઠી	થતો
જૂઠું	જૂઠી	હતો
કરૂં	સૂતી	ખાતો
ખરૂં	જતી	રાતો
અડું	હતી	પીતો
નડું	ખાતી	જોતો
પડું	રાતી	રોતો
લડું	પીતી	સૂતો

હું બેસું છું.
હા, ઊઠું છું.
એ જૂઠું છે.
આ ખરૂં છે.
હું કરૂં છું.
લડું તો પડું.
નડું તો અડું.
મા બેઠી છે.
માસી ઊઠી છે.
કીકી જૂઠી છે.
જીજી સૂતી છે.

ફુઈ જતી હતી.
મા ખાતી હતી.
ગાય રાતી છે.
ભૂ પીતી ના.
ગીગો સૂતો હતો.
તું ના જતો.
કીકો ખાતો હતો.
ને ભૂ પીતો.
ગીગો રોતો હતો.
ને રાતો થતો.
હું જોતો હતો.

બેસો	જોતી		ખાઇ
ઊઠો	રોતી		પાઇ
જૂઠો	ગઇ		બાઇ
બેઠો	થઇ		
ગયો	સૂઇ		ભાઇ
થયો	કાંઇ		કીધું
ખોયો	કોઇ		દીધું
જોયો	જોઇ		પીધું
રોયો	રોઇ		લીધું
પૈસો	મેં	તે	ખાધું

કાકા તમે બેસો.

ભા બેઠો છે.

મામા ના ઊઠો.

કીકો જૂઠો છે.

ગીગાં, રોતી નાં.

માસી જોતી હતી.

ભાઇ ખાઈ ગયો.

બાઇ સુઈ ગઈ.

એ બે પાછાં થઇ.

ને આ પૈ લે.

એ પૈસો થયો.

પૈસો ખોયો કે?

આ મામા જોયો?

કીકો રોયો, મા?

રોઈ મા દે.

કોઈ આવે છે.

હા, જોઈ લો.

તું કાંઇ આપ.

મેં કામ કીધું.

લીધું ને દીધું.

ખાધું ને પીધું.

૫

આ	જે
ખા	જે
ગા	જે
જા	જે
થા	જે
દે	જે
લે	જે
જો	જે
જ	શે
થ	શે

ખા	શે
ગા	શે
દે	શે
લે	શે
ખો	શે
જો	શે
રો	શે
કા	લે
ચા	લે
બો	લે

કા	લ
ચા	લ
લા	લ
હા	લ
ફૂ	લ
ભૂ	લ
ગ	મે
ન	મે
ભ	મે

તું તાતા ખાજે;
ને આજે જાજે.
ભાભી વાવા ગાજે;
ને વાવા થાજે.

તું પૈ લેજે.
તે લૈ લેશે.
દેજે તો દેશે.
પૈસો ખોશે તો?

જોજે, ગાંગો રોશે.

નમે તે ગમે.
ચાલ, ભમે છે?
કાલ શું ખાશે?
હાલ વાવા ગાશે?

લાલ ફૂલ જોશે?
ભૂલ થશે તો?
તે કાલે જશે.
તું ચાલે છે?

ખરું બોલે છે?

કણ	અને	તલ
ગણ	કને	તેલ
જણ	તને	મેલ
ત્રણ	મને	તારું
પણ	એને	મારું
ભણ	કેને	સારું
કેણે	જેને	વારુ
જેણે	તેને	તારે
તેણે	ખાવા	મારે
શેણે	જાવા	

તારે બી ખાવા છે?
મારે તલ ખાવા છે.
મારૂં તેલ મેલ.
તારૂં નામ શું?
સારૂં છે, વારૂ?

તને જવા દઉં કે?
કેને દઉં બા?
એને કે તેને?
જેને તેને દે.
મને પણ દે.

મા અને બાપો.

જીજી કને ભણ.
કણ બેઠો ગણ.
ત્રણ જણ બેસો.

ભૂ કેણે પીધું.
શેણે લીધું, મા?
જેણે દીધું તેણે.

કોણ	આણું	ભોળો
જાણે	જાણું	ભૂલો
આણે	ઝીણું	લૂલો
વીણે	વીણું	ચૂલો
ગણે	દાણા	ચોળી
ભણે	પેલો	ભોળી
ગણું	ઘેલો	ઓલી
ઘણું	મેલો	ભૂલી
ભણું	ઓલો	લૂલી

ઘોડો, પાડો, ઊંટ, ગોધો, બેલ, કુત્તો.

ભાભી શું આણે છે?
કોણ જાણે બા.
દાણા વીણે છે.
કીકો ભણે છે;
ને બેઠો ગણે છે.

હું પૈ ગણું કે?.
હું ઘણું ભણું છું.
હા, હું જાણું છું.
દાણા વીણું, ને આણું.
આ બી ઝીણું છે.

ઓલો ગોધો તો જો.

ના, એ બેલ છે.
પેલો ઘોડો જો.
ના, એ પાડો છે.
એ પાડો ઘેલો છે.

આ ઊંટ મેલો છે.
આ કુત્તો ભૂલો છે.
તે લૂલો પણ છે.
તું તો ભોળો છે.

પેલી	કીડી	ક્યારે
ઘેલી	શીડી	જ્યારે
મેલી	ઘોડી	ત્યારે
લીલી	છોડી	સાથે
પીળી	જોડી	હાથે
કાળી	તોડી	માથે
ધોળી	હોડી	એમ
ગાડી	મોડી	કેમ
માડી	ઘર	જેમ
મેડી	ઘેર	તેમ

ગાય, ભેંસ, મની, મોર, મેનાં,
ક્યાં, જ્યાં, ત્યાં, બહુ. મસ.

આ મેના રાતી છે.
જો એ મોર છે.
પેલી ભેંસ કાળી છે.
ઓલી ગાય ધોળી છે.
મની ઘેલી છે.
ચોળી મેલી છે.
લીલી છે કે પીળી?
ચૂલો ક્યાં છે?
જ્યાં ઘર છે ત્યાં.
ઘેર જાઉં બાપા?

માડી તો ભોળી છે.
તારી ગાડી ક્યાં છે?
મેડીપર, ભૂલી કાં?
આ શીડી, જો.
એ કીડી લૂલી છે.
જીજી ક્યારે સૂતી?
જ્યારે હું ઊઠી ત્યારે.
ક્યાં સૂતી, માથે?
કીકી, હાથે ખાજે.
નાના સાથે જાજે

ઘો	ડે	ઘ	ડી	ઘો	ડો
જો	ડે	છ	ડી	જો	ડો
હો	ડે	જ	ડી	થો	ડો
તો	ડે	દ	ડી	હો	ડો
ઘો	ડી	ન	ડી	તો	ડો
છો	ડી	પ	ડી	ફો	ડો
જો	ડી	લ	ડી	મો	ડો
તો	ડી	સ	ડી	તા	રો
હો	ડી	હ	ડી	સા	રો
મો	ડી	આ	ઠ	ખ	રો

ભૂંડો ભલો દીવો પાટી ભાજું
ભૂંડી ભલી ઘંટી વાટી લોટ
ભૂંડું ભલું કાઠી વાટ દળ
સારી તારી ખરી

બાપા હું ઘોડે બેસું?
બે જોડે દોડે છે.
ફૂલ તોડે છે, કે?
તું મસ દોડે છે.
માસી જોડે કોણ છે?
તે ઘોડો જોડે છે.
ઘોડો બહુ દોડે છે.
જોડો થોડો મેલો છે.

દોડો ફૂલ તોડો.
તે મોડો આવે છે.
એમ કેમ ફોડો છો?
જેમ તેમ ના ફોડો.
છોડી મોડી ઊઠી કે?
તેં ઘોડી ક્યાર દોડી?
આ જોડી કોણે તોડી?
તેં ઘડી ફોડી કે?

તે છડી મને આપ?
હડી ક્યાં પડી ભાઈ?
આ, મને જડી, તે?
તને મા લડી કે?
વાટી આણું, તેલ દે.

કાઠી નડી તેણે પડી.
હડી કાઢ જો ઉં.
ભાજી સડી ગઈ.
તારી પાટી લાવ.
ભલી છોડી ભલું બોલે.

દીવો મેલ, વાટ કર.
ઘંટી લે, લોટ દળ.
આ ગોધો ભૂંડો છે.
તે ગાય ભલી છે
ભૂંડી છોડી ભૂંડું બોલે.

મારો ઘોડો સારો છે.
તારી ઘોડી સારી છે.
આ બેલ ભલો છે.
મારો ભાઈ ખરો છે.
બા એ ખરી છે.

હાથ	પગ	કાન	નાક
આંખ	મોઢું	જીભ	દાંત
માથું	ડોકું	કેડ	પેટ

એક બે ત્રણ ચાર પાંચ
છ સાત આઠ નવ દશ

મોરે બે હાથ છે.
ને બે પગ છે.
આ ડોકું છે.
ડોકે બે કાન છે.
એક નાક છે.
ને બે આંખ છે.
એક મોઢું છે.
મોઢે જીભ ને દાંત છે.
દાંત તો બહુ છે.

આ માથું છે.
બે ને એક ત્રણ.
ત્રણ ને એક ચાર.
ચાર ને એક પાંચ.
પાંચ ને એક છ.
છ ને એક સાત.
સાત ને એક આઠ.
આઠ ને એક નવ.
નવ ને એક દશ.

ગળું ધડ છાતી પેટ
પીંઠ વાંસો ખભો બાંહા
વાંસે ટાંગ જાંધ નીચે
બીજો ત્રીજો ચોથો છઠો

આ ગળું છે.	વાંસે પીઠ છે.
આ છાતી છે.	આ ખભો છે.
ડોકાં નીચે ધડ છે.	આં બીજો ખભો.
છાતી નીચે પેટ છે.	આ બે બાંહાં છે.
આ વાંસો છે.	આ ટાંગ ને જાંધ.

આ ચોથો એ છઠો.

દૂધ મધ ભાત દાળ.
કેરી પુરી શીરો શાક.
કઢી વડી દહીં નહિં
પેંડો લાડુ પેરૂ કેળું
પાણી ધાણી ચણા ઠીક.
સેવ પુચ્આં ગોળ ખાંડ

દૂધ ને ભાત આપ.	ત્યારે કેરી પૂરી ખાઉં?
દાળ ને ભાત નાહિં.	કઢી ને ભાત ખા.
શાક ને પૂરી ખા.	તેમાં વડી ક્યાં છે?
શીરો ને પૂરી ખાઉં?	કઢી શેની કરી છે?

દહીંની કઢી કરી છે.

મંને પેંડો કે લાડુ દે.
નાં, તેમાં ખાંડ છે.
ત્યારે કેળું દે, મા.
એ તો પેરૂ છે.
ધાણી ચણા ખા.

ત્યારે સેવ પુચ્આં ખા.
ગોળ ચણા ખાઉં, બા?
ના એમ ના જતો.
ત્યારે કેમ જાઉં, બા?
પાણી પી પછી જા.


ઠીક તમે કહો તેમ.

---

*ખંડ ૨ જો સમાપ્ત.

---

* આ ખંડમાં સુધારો કરવાની ઘણી જગો છે, પણ, આ ચો.પડીના પ્રથમ પ્રયત્નમાં તે લોકોપયોગી કેટલી થાય છે તેની તથા લોકો તરફથી અને કેળવણી ખાતા તરફથી કેવો અભિપ્રાય અને કેવો આશ્રય મળે છે તેની વાટ જોતાં સૂધી મુલતવી રાખવા હાલ તુરત દુરસ્ત ધાર્યું છે.


ચંદ્ર
દેવળ
ઘંટ
અનેનાસ
ઝાડ
ઘડિયાળની શીશી.
ખજુરી
ફણસ.


ખલબત્તો.



ત્રાજવું.


હાથ.


ફાનસ.



ચક્કર.



બાલદી.


ભમરડો.



વીંટી.


નથ.



[illegible]


ખરૂંડ.


ઈસ્તરી.


કડી.


ધમણ.



એરણ.




સિંહ.



તાજ.




વાવટો.



કિલ્લો.



કુસ્તી.




તોપ.




તીરકામઠું.



ભાલું.



કટાર.



બંદુક.




ઢાલ.



ઝાંઝ.



આગબોટ.




કિલ્લો



વહાણ.




શીડી



પુલ.



નાંગર.



આગગાડી.



રથ.



ઘોડેસ્વાર.

ગૂજરાતી પ્રારંભ પોથી.

ખંડ ૩ જો.

મૂળાક્ષર, બારાખડી, અંક
અને
સ્હેલા જોડાક્ષરયુક્ત શબ્દો.

ક	ખ	ગ	ઘ	ઙ
ચ	છ	જ	ઝ	ઞ
ટ	ઠ	ડ	ઢ	ણ
ત	થ	દ	ધ	ન
પ	ફ	બ	ભ	મ
ય	ર	લ	વ	*
શ	ષ	સ	*	*
હ	ળ	*	ક્ષ	જ્ઞ

સ્વર તથા સ્વર ચિન્હ.

અ	આ	ઇ	ઈ	ઉ	ઊ
*	*	ઋ	ૠ	ઌ	ૡ
એ	ઐ	ઓ	ઔ	અં	અઃ

અ આ ઇ ઈ ઉ ઊ એ ઐ ઓ ઔ અં અઃ

કંઇ નહિં	કાનો	હ્રસ્વ અજણુ	દીર્ઘ અજણુ	હ્રસ્વ વરડુ	દીર્ઘ વરડુ	એક માત્ર	બે માત્ર	કાનો માત્ર	કાનો બેમાત્ર	અનુસ્વાર	વિસર્ગ
	ા	િ	ી	ુ	ૂ	ે	ૈ	ો	ૌ	ં	ઃ

ક કા કિ કી કુ કૂ કે કૈ કો કૌ કં કઃ

ખ ખા ખિ ખી ખુ ખૂ ખે ખૈ ખો ખૌ ખં ખઃ

ગ ગા ગિ ગી ગુ ગૂ ગે ગૈ ગો ગૌ ગં ગઃ

ઘ ઘા ઘિ ઘી ઘુ ઘૂ ઘે ઘૈ ઘો ઘૌ ઘં ઘઃ

ઙ ઙા ઙિ ઙી ઙુ ઙૂ ઙે ઙૈ ઙો ઙૌ ઙં ઙઃ

૧	I	એક
૨	II	બે
૩	III	ત્રણ
૪	II II	ચાર
૫	III II	પાંચ
૬	III III	છ
૭	IIII III	સાત
૮	IIII IIII	આઠ
૯	IIIII IIII	નવ
૧૦	IIIII IIIII	દશ


જોડાક્ષરયુક્ત શબ્દો.

ભક્તિ	ચક્ર	અન્ન	વર્ણ	અલ્પ	પ્રશ્ન
શક્તિ	ચંદ્ર	ખિન્ન	પૂર્ત્તિ	સ્વલ્પ	ચશ્મા
જુક્તિ	અગ્ર	ભિન્ન	મૂર્ત્તિ	ખલ્લ	અશ્વ
મુક્તિ	વજ્ર	જન્મ	વર્ત્તો	મલ્લ	અષ્ટ
વાક્ય	છત્ર	ગુપ્ત	અર્થ	હાંલ્લું	કષ્ટ
શક્ય	પત્ર	જપ્ત	દર્દ	ચાંલ્લો	ભ્રષ્ટ
જક્ષ	તંત્ર	સપ્ત	મર્દ	ચાલ્યો	કૃષ્ણ
પક્ષ	મંત્ર	પ્રજા	અર્ધ	હાલ્યો	વિષ્ણુ
ભક્ષ	યંત્ર	પ્રભુ	સર્પ	બોલ્યો	સ્કંધ
રક્ષ	ક્ષત્રી	પ્રેમ	ધર્મ	આવ્યો	સ્તુતિ
લક્ષ	છત્રી	ક્ષેમ	મર્મ	ફાવ્યો	સ્થિતિ
પક્ષી	તંત્રી	શબ્દ	સર્વ	ભાવ્યો	સ્વામી
મગ્ન	મંત્રી	બ્રહ્મ	ગર્વ	લાવ્યો	સ્વાર્થ
લગ્ન	યંત્રી	ભ્રમ	દર્શ	દળ્યું	હ્રસ્વ
અગ્નિ	યુત્ન	ભસ્મ	સ્પર્શ	ભળ્યું	સ્નાન
કચ્છ	રત્ન	અર્ક	હર્ષ	મળ્યું	જ્ઞાન
મચ્છ	પૃથ્વ	વર્ગ	સૂર્ય	હળ્યું	


ખંડ ત્રીજો સમાપ્ત.



પાલખી.




શંખ



ગાડું.




રેંકડી.



સિતાર.



પૃથ્વીનો ગોળો.



બલૂન.




પતંગ.



ભૂંગળું.



નટ.



ઢાલ.



નોબત.



ડમરૂ.



ઢોલ.

જાહેર ખબર.

સ્ત્રી કેળવણીનો ખરો ઉપયોગ ગૃહશિક્ષણ અને ગૃહકાર્ય તથા બાળશિક્ષણ વિધિ.	કિમત રૂ૦ ॥। ટપાલખર્ચ (-.

તથા "પ્રારંભ પોથી" મુંબઇ મધ્યે કોટમાં હોલી ચકલામાં "ધી જ્યુબીલી અંગ્લોવર્નાક્યુલર સ્કૂલ"માં ઠકર પુરૂષોતમ નારાયણજી પાસેથી, તથા કાલકાદેવીપર ઠા૦ વસનજી પરમાણંદ ચાહેવાલા પાસેથી અને પંડિત જેષ્ઠારામ મુકુંદજી પાસેથી રોકડે પૈસે મળશે.

ચિત્રોત્તેજક છાપખાનું.

આ છાપખાનામાં રંગીન તથા કાળા અને કેયાનનાં ચિત્રો કિફાયત ભાવે છાપવામાં આવે છે.

ઠેકાણું—મુંબઇ, નિર્ણયસાગર છાપખાનાની પાસે તારાનાયકીણની વાડીમાં માલેકને પુછવું.